શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત માસિક

> પરિસ્થિતિઓ
> જેટલી જલદી
> તમને તોડે છે...
> તેનાથી ઘણી વધારે
> તમને
> મજબૂત બનાવી દે છે...

# પરિવાર પત્રિકા

વર્ષ - ૨૧ ● અંક-૨૪૪ ● જાન્યુઆરી - ૨૦૨૪ કિંમત રૂા. ૨-૦૦

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

## પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

## કાયમી સહાયક દાતા

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)


## પરિવાર પત્રિકા સંપાદન સમિતિ

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

મેનેજીંગ ટ્રસ્ટી

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584


## પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ................... (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

સુજ્ઞ જ્ઞાતિજનો,

ઈ.સ.૨૦૨૪ થી પ્રારંભ થતું આ વર્ષ આપ સૌને શુભદાયી-લાભદાયી, મંગલકારી, સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય, શાંતિદાયક અને યશસ્વી નીવડે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

માહે ડીસેમ્બર – ૨૦૨૩ના પરિવાર પત્રિકામાં જનરલ સભાની નોટીસ પ્રસિદ્ધ કર્યા મુજબ તા.૧૭-૧૨-૨૦૨૩ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વાસણા હોલમાં જનરલ સભા મળી હતી. આ સભામાં પસાર કરાયેલ ઠરાવોની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે.

(૧) ગત જનરલ સભા તા.૨૫-૧૨-૨૦૨૨ની કાર્યવાહી નોંધીને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

(૩) મંડળના બેન્કર્સ તરીકે (એ) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, વાસણા બ્રાન્ચ (બી) બેંક ઓફ બરોડા તેમજ કાલુપુર કોમ.કો.ઓ.બેન્ક, વાસણા બ્રાન્ચને આગામી વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા. તેવી જ રીતે માન્ય ઓડીટર્સ તરીકે નૌતમ આર. વકીલ એન્ડ કંપની, ચાર્ટડ એકાઉન્ટને આગામી વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા.

(૪) પ્રમુખશ્રીની સંમતિથી સભ્યશ્રી પ્રમોદભાઈ ડી. શાહ તરફથી શૈક્ષણિક પુરસ્કાર કાર્યક્રમના પરિવાર પત્રિકામાં પ્રસિદ્ધ થતા ફોટોગ્રાફસ અંગે રજૂઆત થઈ. તેઓની રજૂઆત મુજબ પ્રથમ ઈનામ મેળવનાર તમામ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીના ફોટા પ્રસિદ્ધ કરવા જ જોઈએ. આ બાબતે સભામાં ઘણા બધા સભ્યોએ ચર્ચામાં ભાગ લઈ ઘણા બધા સૂચનો કર્યા. ગ્રુપ ફોટા લઈ શકાય તેવી પણ રજૂઆત થઈ. આ અંગે ચર્ચા વિચારણાના અંતે શૈક્ષણિક સમિતિ, પરિવાર પ્રકાશન સમિતિ અને ટ્રસ્ટીમંડળ એકબીજાના પરામર્શમાં રહી ઘટતી – યોગ્ય કાર્યવાહી કરશે.

નવનીતલાલ ચીમનલાલ ગાંધી (રણુંજ) અને અમૃતલાલ પિતામ્બરદાસ શાહ (ઉનાવા) કાયમી મેડીકલ સહાય યોજના અંતર્ગત જ્ઞાતિજનોને દર પખવાડીયે હોમિયોપેથી નિદાન અને દવા નિ:શુલ્ક આપવામાં આવે છે. આ અંગે જે તે સમયે મેસેજ પ્રસારિત કરવામાં આવે છે તો જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી છે.



# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. અરૂણાબેન અરવિંદભાઈ શાહ**
(મોટપ - અમદાવાદ)
જન્મ તા.૨૭-૧૨-૧૯૫૧ • સ્વ.તા.૦૫-૧૨-૨૦૨૦

ની સ્મૃતિમાં

જીગ્નેશભાઈ શાહ - રૂપલબેન શાહ
નીશીબેન - દીયાબેન
સંજયકુમાર - મોનાબેન
જૈની - આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના
ભારતમાં વસતા
તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા"
મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

પ્રભાવતીબેન રીખવભાઈ પોપટલાલ શાહ (રણુંજ) કાયમી સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ યોજના અંતર્ગત જ્ઞાતિમંડળના હોલ ખાતે ધાર્મિક શિક્ષણની પાઠશાળા કાર્યરત છે. પંડિતજી ધાર્મિક સૂત્રોને અર્થ સહિત અને ઉચ્ચારની શુદ્ધિકરણ સાથે સમજાવે છે તેમજ જીવવિચારની પણ સમજ આપવામાં આવે છે. જ્ઞાતિજનો મોટી સંખ્યામાં લાભ લે તેવી વિનંતી છે.

આપણા મંડળ દ્વારા પ્રકાશિત "પરિવાર પત્રિકા" માસિકથી વંચિત રહેતા ભારતભરમાં વસતા જ્ઞાતિજનોને અંક મોકલવાની યોજના અમલમાં છે. જેનો નકરો રૂા.૨૧,૦૦૦/- રાખેલ છે. ગત વર્ષ આ યોજનાનો લાભ સ્વ.કમળાબેન માધવલાલ શાહ (મણુંદ-બોરીવલી) પરિવારે લીધેલ જેની મુદ્દત ડીસેમ્બર-૨૦૨૩એ પૂરી થતાં જાન્યુઆરી-૨૦૨૪ થી (વાર્ષિક) આ યોજનામાં નવા દાતા મેળવવા અપીલ કરતાં (૧) જયેન્દ્રભાઈ ચંદુલાલ ડી. શાહ (બોકરવાડા) તેમજ (૨) અરવિંદભાઈ પુનમચંદ શાહ (મોટપ) તરફથી વિનંતીપત્રો મળેલ. આથી બે દાતાશ્રીના વિનંતી પત્રો મળતાં કાર્યાલયમાં તા.૧૭-૧૨-૨૦૨૩ના રોજ હોદ્દેદારો તેમજ અન્ય સભ્યોની હાજરીથી ડ્રો કરતાં આ લાભ અરવિંદભાઈ પુનમચંદ શાહને આપવામાં આવેલ છે. લાભ મેળવેલ દાતાશ્રીએ નકરાની રકમ ભરીને પહોંચ મેળવી લેવાની રહેશે. દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) કાયમી સાધર્મિક સહાય યોજનાના અંતર્ગત જરૂરિયાતવાળા પરિવારોને વર્ષમાં બે વખત કુટુંબના સભ્યોની સંખ્યા મુજબ જીવન જરૂરિયાતની ખાદ્યસામગ્રી ઘરે બેઠાં દરેકને ત્યાં પહોંચતી કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત બીજા રાઉન્ડમાં કુલ ૩૨ પરિવારોને ખાદ્યસામગ્રી ઘેર બેઠાં પહોંચાડવામાં આવેલ છે જે પેટે રૂા.૧,૫૭,૬૫૫/- નો ખર્ચ મંડળ તરફથી કરવામાં આવેલ છે. આ ૩૨ (બત્રીસ) પરિવારોને ખાદ્યસામગ્રી સાથે રૂા.૧,૧૫૦/- રોકડા પણ આપવામાં આવેલ છે જે પેટે રૂા.૩૬,૮૦૦/-નો ખર્ચ કરેલ છે. સાધર્મિક પરિવાર દૂધ-શાકભાજી રોકડ રકમમાંથી ખરીદી શકે છે.

આ સમગ્ર કાર્યવાહી કરવા બદલ સાધર્મિક સહાય સમિતિના કન્વીનરશ્રી ભગીરથભાઈ એસ. શાહ, સહ કન્વીનર શ્રી અજયભાઈ એમ. શાહ તેમજ સભ્યશ્રી રાજેશભાઈ સી. શાહનો તેમજ સમિતિના અન્ય સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્મંત્રી ❖ રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

## પરિવાર પત્રિકા સંપાદન ક્ષેત્રે..... દાન-ફંડ-ભેટ

રૂા.૧૧૦૦૦/-



સ્વ.કંચનબેન જયંતીલાલ શાહ
(ઉનાવા)

સ્વ. શ્રીમતી કંચનબેન જયંતીલાલ શાહ (ઉનાવા) ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે તેઓના પુત્રો શ્રી સંજયભાઈ, શ્રી વિભાકરભાઈ, ડૉ. શ્રી વિજયભાઈ તેમજ સમગ્ર કુટુંબિજનોએ ૧૦ વર્ષ સુધી આ પૂણ્ય આત્માની સ્મરણાંજલિ સ્વરૂપે દર વર્ષે સ્વજનની પુણ્યતિથિ નિમિત્તે પરિવાર પત્રિકાના સંપાદનના સહાય અર્થે જાહેર કરેલ રૂા.૧,૧૦,૦૦૦/-ના દાન પૈકી સમાજને છઠ્ઠા વર્ષે રૂા.૧૧,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ આભાર વ્યક્ત કરે છે.



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**
રણુજ - હાલ : અમદાવાદ
જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ • સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

**વીતેલી પળોની એક ખાસિયત છે**
**તેને કોઈપણ સમયે માણી શકાય છે !!**

મયુર જશવંતલાલ શાહ
જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ
ક્રિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ

V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

# ૭૫ વર્ષની પૂર્ણાહુતિની વધાઈ



## અ.સૌ. ઈન્દિરાબેન ચંદ્રકાંતભાઈ શાહ

ગામ : ગાંભુ, હાલ : પૂના

જન્મ તા.: ૨૨-૧૨-૧૯૪૮

જે ઉદ્યાનમાં ઘણાં ઘણાં છોડ હોય, કંઈ કેટલાંય વૃક્ષ અને વેલીઓ હોય, ભરપૂર ફળ-ફૂલ હોય તેવાં સમૃદ્ધ બગીચાની શોભા અનેરી હોય છે. તેમાં રંગબેરંગી પતંગિયા ઉડાઉડ કરશે. મધુકર ગુંજારવ કરશે. કેટલાંય પક્ષીઓને દૂર દૂરથી ત્યાં આવવાનું આકર્ષણ થશે.

આવા બગીચામાં વૃક્ષો ભલે ભિન્ન ભિન્ન હોય પણ વૃક્ષત્વ એક જ હોય, પક્ષીઓના અલગ અલગ અવાજો હોય પણ માધુર્ય એક જ હોય, ફૂલોની સુગંધ વિવિધ હોય પણ સૌંદર્ય એક જ હોય. તે જ ઉપવનની સાચી સમૃદ્ધિ છે.

એજ રીતે કુટુંબમાં અનેક વ્યક્તિ હોય, અનેક વ્યક્તિત્વ હોય, સ્વભાવ હોય, સંજોગો હોય પણ લાગણીનો તંતુ એક જ હોય.

એ તંતુથી સમગ્ર કુટુંબને એકસૂત્રે જકડી રાખનાર અમારા કુટુંબના લાડલા વડીલને આયુષ્યનાં અમૃત મહોત્સવને અંતરની શુભેચ્છાઓ...

**લી. શાહ મનસુખલાલ ચુનીલાલ પરિવાર, ગાંભુ હાલ : પૂના**

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

હલકુ ફુલકુ છે આ જીવન...
વજન તો માત્ર આપણી ઈચ્છાઓનું છે.

* * *

સાદાઈ, સંયમ અને સંતોષ હશે તો જ
શાંતિની અનુભૂતિ થઈ શકશે.

* * *

ભલાઈ એ એકમાત્ર એવું ધિરાણ છે
જે ક્યારેય દગો દેતું નથી,
વ્યક્તિ નહીં તો કુદરત
રીટર્ન જરૂર આપે છે.

* * *

જીવનમાં એટલો તો
સંઘર્ષ કરવો જોઈએ
કે આપણા બાળકનો
આત્મવિશ્વાસ વધારવા
બીજા કોઈના દાખલા
આપવા ન પડે.

* * *

પેન્સિલ પછી...
જ્યારે બોલપેનની
શરૂઆત થાય ત્યારે...
સમજવું કે...
ભૂલો સુધારવાનો સમય પૂરો થયો.

* * *

પ્રસંગ મુજબ કપડાં પહેરનારા
હવે
પ્રસંગ મુજબ સંબંધ
રાખતાં થઈ ગયા છે

* * *

વસ્ત્રથી ગાળેલ પાણી
સ્વાસ્થ્ય ટકાવે...
અને
વિવેકથી ગાળેલ વાણી
સંબંધ ટકાવે...

* * *

દુનિયાનું ખૂબ જ મુશ્કેલ કામ !
"આપણા"માંથી "આપણા" શોધવા !

* * *

સાચું બોલવું એ શ્રેષ્ઠ પણ
સાચું સાંભળી લેવું એ સર્વશ્રેષ્ઠ... !!

* * *

"પેટ પાસે રહેલ પાચનશક્તિ
જો શરીરને સ્વસ્થ રાખે છે
તો મન પાસે રહેલ સમાધાનશક્તિ
સંબંધોને મસ્ત રાખે છે."

લાગણીઓના રોકાણ
ખોટી જગ્યાએ ના કરતા,
આવકમાં
તકલીફ સિવાય કંઈ નહીં મળે

* * *

સગવડના કારણે પ્રગટે એ ખુશી
સમજના કારણે પ્રગટે એ આનંદ

* * *

જીવનની કોઈએ મને
ટૂંકી વ્યાખ્યા પુછી
કે જીવન શું છે વળી?
મેં કહ્યું સૌ બધાને ખુશ રાખીને
જે પોતે જીવી જાય એ જીવન

* * *

બધા વિષય સંભાળતી નોટબુકને
બધા "રફબુક" કહે છે,
"જવાબદાર"
વ્યક્તિની પણ કંઈક
આવી જ હાલત હોય છે.

* * *

જ્યારે બીજાને સમજાવવાનું
અઘરું થાય ત્યારે
પોતાને સમજાવી દેવાનું
વધુ યોગ્ય છે...

* * *

કોઈને કંઈ
સાબિત કરવાની જરૂર નથી,
જો સમજાવવા છતાં પણ
સમજાતું નથી
તો સમય તેને
બધું સમજાવશે... !!

* * *

કાલે રાત્રે
અગાશીમાં સૂતી વખતે
મેં પ્રભુને પૂછ્યું :
હે પ્રભુ,
આકાશમાં
કેટલા તારા છે?
તો હસીને મને પૂછ્યું કે,
તું મને બતાવ કે
જમીન પર તારા કેટલા છે?

પૈસા કોની પાસે
લેવાના બાકી છે?
એની નોંધ તો
આપણી પાસે છે જ
પણ
'કોના કોના ઉપકારોનો
બદલો વાળવાનો બાકી છે?
એની નોંધ આપણી પાસે ખરી?'

* * *

જરૂર પડે ત્યાં પૂર્ણવિરામ
મુકતા શીખી જવું
નહીંતર જિંદગી
અલ્પવિરામ આપતી રહેશે.

* * *

પોતાની સુંદરતાને વધારવાની
સૌથી સારી કુદરતી રીત સ્મિત છે.

* * *

કોઈ ઝાઝા સમયે તમને
પૂછે કે કેમ છે? ત્યારે
સમજવું કે કેમ છે નહીં
કામ છે એટલે પૂછે છે.

* * *

પુસ્તકે લખતાં અને વાંચતા
શીખવાડ્યું,
જ્યારે અલ્પવિરામ પૂર્ણ વિરામ
અનુભવે શીખવાડ્યું !

* * *

જીવનનો આનંદ
માણવા અરમાન
ઓછા રાખવા જરૂરી છે

* * *

અમુકવાર શું બોલવું એના કરતાં
શું ના બોલવું તેનું જ્ઞાન સંબંધો
સાચવી જાય છે.

* * *

ઓછી સુખ સુવિધામાં પણ
સંતુષ્ટ રહેનારી વ્યક્તિ
જ જીવનમાં સૌથી વધુ
આનંદિત રહી શકે છે.

* * *

કોઈનું મન અને મૌન બહુ
ઓછા લોકો સમજી શકે છે... !!

પ્રમોદ એન. ગાંધી–સંપાદક ● બકુભાઈ સી. ગાંધી–સહસંપાદક

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ



જયાબેન ભાઈલાલભાઈ એન. શાહ
(સમોડા, હાલ-અમદાવાદ)

અમદાવાદના જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભાઈલાલભાઈ એન. ગાંધીના (સમોડા, હાલ-અમદાવાદ) ધર્મપત્ની શ્રીમતી જયાબેન, પ્રભાવશાળી વ્યક્તિત્વ, સમાજ પ્રેમી, કૌટુંબિક ભાવનાવાળા આદર્શ ગૃહિણી તરીકે પોતાની ફરજો બજાવી રહ્યા છે.કુટુંબના દરેક પ્રસંગમાં તેઓની જવાબદારી સાથે ઉપસ્થિતિ તથા આગવી સુઝથી સમગ્ર પ્રસંગને દિપાવીને યાદગાર બનાવવાની તેમની આવડત પ્રશંસનીય છે. આપણી જ્ઞાતિ દ્વારા સાધર્મિક પરિવારોને આપવામાં આવતી જીવન જરૂરિયાતની ખાદ્ય સામગ્રી, સાથે તેઓને મદદરૂપ થવાના ઉમદા હેતુથી દરેક કુટુંબને તેમના તરફથી ખજૂર આપવામાં આવી. તેમની આ લાગણી બદલ જ્ઞાતિ મંડળ આ પરિવારની સાધર્મિકો પ્રત્યેની ભાવનાને બિરદાવે છે.

## લગ્ન પ્રસંગે ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૫૦૦/- અ.સૌ.હેતલબેન તથા વિપુલભાઈ ગાંધીના સુપુત્ર ચિ.જૈનમના શુભલગ્ન અ.સૌ. પ્રીતીબેન તથા સંજયભાઈ મોદીની સુપુત્રી ચિ.ધ્વની સાથે થયા તે નિમિત્તે રૂા.૨૫૦૦/-નું દાન મંડળને મળેલ છે. જ્ઞાતિમંડળ નવદંપતિને શુભેચ્છાઓ પાઠવે છે.

રૂા.૨૫૦૦/- અ.સૌ. પ્રીતીબેન તથા સંજયભાઈ મોદીની સુપુત્રી ચિ.ધ્વનીના શુભ લગ્ન અ.સૌ.હેતલબેન તથા વિપુલભાઈ ગાંધીના સુપુત્ર ચિ.જૈનમ સાથે થયા તે પ્રસંગે રૂા.૨૫૦૦/-નું દાન જ્ઞાતિમંડળને મળેલ છે. જ્ઞાતિમંડળ નવદંપતિને અભિનંદન પાઠવે છે.

## શૈક્ષણિક ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૫૦૦૪/-



કંચનબેન વરધીચંદ શાહ
(ધીણોજ-સૂરત)

ધર્મપ્રિય, શાંત, સરળ, નિખાલસ અને સાદી જીવન શૈલીથી અને વસુદૈવ કુટુંબકમની ભાવનાથી તેમજ વ્રત-તપ અને જપના ત્રિવેણી સંગમના સંસ્કારથી સમગ્ર પરિવારને એક તાંતણે બાંધીને લોકપ્રિય બનેલા સ્વ. કંચનબેનની પુણ્ય સ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે વરધીચંદ ગિરધરલાલ શાહે (ધીણોજ-સૂરત) જ્ઞાતિમંડળ-અમદાવાદની શૈક્ષણિક પ્રવૃત્તિમાં રૂા.૫૦૦૪/-નો આર્થિક સહયોગ આપેલ છે. આ પરિવાર સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે કે શિક્ષણ એ સમાજ પરિવર્તનનો પાયો છે. શિક્ષણ વિના વ્યક્તિ/સમાજનો વિકાસ થઈ શકે નહી. શિક્ષણથી જ સમાજ અને પરિવાર સુગંધિત બને છે. તેમના સત્કાર્યોમાં સુપુત્રોશ્રી નરેશભાઈ, જીતુભાઈ, રજનીકાન્ત તેમજ પુત્રવધુઓ જયશ્રીબેન, પિન્કીબેન, રીટાબેન અને દિકરીઓ-પૌત્રો સંપૂર્ણ સહયોગ આપે છે. આ પરિવારની સમાજ પ્રત્યેની સદ્‌ભાવનાને જ્ઞાતિમંડળ અમદાવાદ બિરદાવે છે.

## ❁ ❁ ❁ ❁ ધાર્મિક સમાચાર ❁ ❁ ❁ ❁

❁ જીવદયા પ્રેમી સ્વ.મનોજભાઈ વિમલભાઈ શાહ (પીંઢારપુરા) ના આત્મશ્રેયાર્થે તા.૦૩-૧૨-૨૦૨૩, રવિવારે સવારે ૯-૦૦ કલાકે શ્રી પંચકલ્યાણકની પૂજા શ્રી પંકજ જૈન દેરાસર, પાલડી, અમદાવાદમાં ભણાવવામાં આવશે.

## બદલાયેલા સરનામા...

### આજીવન સભ્યપદ

**ચિરાગ પ્રદિપભાઈ શાહ................................(ઉનાવા)**
૭, વૃંદાવન એવન્યુ, પંચવટી સોસાયટી, દુન સ્કુલની સામે, જયહિંદ ચાર રસ્તા, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
મો.: ૯૬૯૯૯૬૯૯૪૩

### અમદાવાદ

**વિશાલ દેવેન્દ્રકુમાર શાહ.............................(ઉનાવા)**
ઈ, ૫૦૧, આશીર્વાદ સ્કાય, મણીરત્નમ રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૨૨૮૨૯૨૦૦૦

**સચીન ભરતભાઈ શાહ...............................(ઉનાવા)**
એફ-૪૦૨, શ્રી નારાયણ એક્ઝોટીકા, વિશ્રામનગરની સામે, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
મો.: ૯૯૭૪૫૩૫૦૮૫




લગ્ન ઈચ્છુકનો બાયોડેટા
ફોટો સાથે
વિનામૂલ્યે પ્રગટ
કરવામાં આવશે.



સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.


❖ સમય બતાવી શકે છે કે તમારી પાસે કેટલો પૈસો છે... પણ પૈસો નથી બતાવી શકતો કે હવે તમારી પાસે કેટલો સમય છે... ❖


### પરિવાર પત્રિકા

તા.૦૧-૦૮-૨૦૧૬ થી અમલમાં લેવામાં આવતા જાહેરાતના ભાવ

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)....................................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)........................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ..........................................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ.......................................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ...........................................રૂા.૧૫૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત..................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત..................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684


એ વ્યક્તિ માટે તમામ પરિસ્થિતિ સારી છે જે પોતાની અંદર ખુશી સાચવીને રાખે છે.

"કાકા, અહીં કેમ બેઠા છો?" ઓક ટ્રી રોડના મોટા શોપિંગ મોલના ફર્નિચર વિભાગમાં એક સોફા પર બેઠેલા નલિનભાઈને જોઈને ચંદ્રકાંતે પૂછ્યું.

"અરે, ચંદુ તું?" નલિનભાઈ રાજી થતાં બોલ્યા.

"હા, કાકા. પણ તમે અહીં એકલા...? શું કરો છો? અને સુમિત ક્યાં?" ચંદ્રકાંતે પૂછ્યું.

"સુમિત તો મને અહીં બેસાડીને ગયો છે કે એક આઈસક્રીમ કપ આપતા કહી ગયો. હમણાં આવું છું... પણ હજુ..." નલિનભાઈ દબાતા સૂરે બોલ્યા...

"કશો વાંધો નહીં. પણ કાકા, હવે સ્ટોર બંધ થાય છે. સુમિતને કોઈ જરૂરી કામ આવી પડ્યું હશે. તમે મારી સાથે ચાલો..." ચંદુએ નલિનભાઈને ટેકો આપી ઊભા કર્યા...

"પણ સુમિત આવશે... તે મને શોધશે... હું નહીં હોઉં તો કેટલી ચિંતા થશે..." ઊભા થતાં થતાં નલિનભાઈ માંડ માંડ બોલી શક્યા... ચંદ્રકાંત કાકાનો હાથ પકડી બહાર લઈ ગયો... ઘોર અંધકાર...?

"અરે, બધા ક્યાં ગયા? હું આવ્યો ત્યારે તો કેટલી ભીડ હતી. બે-ચાર સજ્જનો હું બેઠો ત્યારે મને હાય, હેલ્લો પણ કરતા ગયા..." નલિનભાઈ ગાડીમાં ગોઠવાતાં બોલ્યા.

ચંદ્રકાંતે કશો જવાબ ન આપ્યો. ગાડી ચંદ્રકાંતના ઘર પાસે ઊભી રહી.

"પણ ચંદુ. આ અમારું ઘર... સુમિતનું ઘર નથી... ભાઈલા..."

"કાકા, હવે આટલી મોડી રાતે ક્યાં સુમિતને ઘરે જશો? હું મારા ઘરે તમને લઈ આવ્યો છું."

ચંદુએ નલિનભાઈને જમાડ્યા. એમને બીજા બેડરૂમમાં બેસાડીને પોતાના રૂમમાંથી સુમિતને ફોન જોડ્યો.

"સુમિત, યાર કેમ છે? હું તારો દોસ્ત ચંદુ... યાદ છે કે ભૂલી ગયો? અવાજ પરથી ઓળખાણ પડે છે ને?"

"અરે, તું... ચંદુ... ચંદુડા... તને કેમ ભૂલી જવાય? આપણે વડનગરમાં એક જ શાળામાં ભણતા. પછી કોલેજમાં સાથે ભણ્યા. એ મોજમસ્તીના દિવસો કેમ ભુલાય?"

"ભૂલી તો તું ઘણું ગયો છે, દોસ્ત..." સ્વગત બોલતાં... ચંદ્રકાંતે ફોન નલિનકાકાને આપવા કહ્યું. "અરે, સુમિત, નલિનકાકાના મિત્ર જશુભાઈ મારે ઘેર આવ્યા છે. બંને જૂના દોસ્ત છે... વાત તો કરાવું લે, કાકાને ફોન આપ."


સુમિત આ વાતથી મુંઝાયો... તેને સૂઝ્યું નહીં કે ચંદુની વાતનો શો જવાબ આપે... બાજુમાં સૂતેલી રેખાએ પડખું ફેરવ્યું એટલે સુમિત ફોન લઈ બીજા રૂમમાં ગયો. "હા, એ તો એવું છે ને ચંદુ કે બાપુજી વહેલા એમના રૂમમાં સૂઈ જાય છે. તબિયત પણ નરમ ગરમ રહે છે. એટલે દૂધની સાથે દવા આપી વહેલા સુવાડી દઈએ. મા ગઈને પછી બાપુજી વિચારે બહુ ચડી જાય છે. રેખા પણ બહુ ધ્યાન રાખે છે. હો દોસ્ત, બાપુજીને ટાઈમ ટુ ટાઈમ જમવાનું ગરમાગરમ, દવા, જ્યૂસ વગેરે આપે... એવું છે ને કે બા ગઈ પછી..." સુમિતે જવાબમાં ડૂસકું ભર્યું. "પણ જો બાપુજીને એકલું ન લાગે એટલે ટી.વી.માં પણ એમને ગમતી ચેનલ લઈ આપી છે. બાપુજીનો સમય સારી રીતે પસાર થાય છે."

"અરે, હાસ્તો... તારી તેં કંઈ વાત થાય? પણ કાકાને જગાડ તો ખરો... જશુકાકા પણ વાત કરવા ઉતાવળા થાય છે. અને એમની એક ઊંઘ તો પૂરી થવા આવી હશે. કાકાને ફોન આપ."

સુમિતને સૂઝ્યું નહીં, હવે શો જવાબ આપવો. એ ફોન કટ કરે એ પહેલાં ચંદુએ એનો ઊંધડો લીધો.

"સાલ્લા, નાલાયક, જૂઠા... શરમ નથી આવતી...? હજુ પણ કહે છે કે બાપુજી સૂઈ ગયા છે? અરેરે... સ્વામીજીના સંસ્કાર લજવ્યા તેં તો... આવું શીખ્યો તું? શાળા-કોલેજમાં મા-બાપની સેવા કરવાનાં તું કેવાં કેવાં પાત્રો ભજવતો? અરે, બેશરમ, હવે તો સાચું બોલ? નલિનકાકા ક્યાં છે?"

બાજુના રૂમમાં સૂતેલા નલિનભાઈ પણ




ઊઠીને ચંદુના રૂમમાં આવ્યા. બંને વચ્ચે જોરથી બોલાચાલી સાંભળી એ દરવાજામાં જ ઊભા રહ્યા.

સુમિત હવે બધું સમજી ગયો... એણે કહ્યું, "હું બાપુજીને મોલમાં બેસાડી આવ્યો છું... હું હમણાં જ જાઉં છું..." સુમિતનો અવાજ ધીમો પડી ગયો...

"હવે રહેવા દે તારાં નાટક... તને સહેજ પણ વિચાર આવ્યો કે કાકાનું શું થશે? ચાર વાગ્યાનો બેસાડી આવ્યો અને હવે અગિયાર વાગ્યે તું તેડવા જશે? ચંદુ ઉગ્ર સ્વરે બોલતો હતો..."

નલિનભાઈ ત્યાં આવ્યા... "શી વાત છે ચંદુ કોની જોડે જીભાજોડી કરે છે?"

"આ તમારા સંસ્કારી સંતાન જોડે. માફ કરજો કાકા એને સંસ્કારી કેમ કહેવો. હજુ એ કહે છે બાપુજીને મોલમાંથી લઈ આવું છું. આટલાં વર્ષોથી આ દેશમાં રહે છે એને આ દેશના કાયદાકાનૂન કેવા છે એ ખબર નથી શું?" સુમિતના વ્યવહારથી ચંદુને ગુસ્સો એટલો તો આવ્યો કે શું કરી બેસશે...

સુમિત રડી પડ્યો... "ભાઈ ચંદુ, હું પપ્પાને લેવા આવું છું... હું બધું સમજી ગયો છું. તું મોલમાંથી એમને તારે ઘેર લઈ આવ્યો છું."

"પહેલાં કાકા જોડે વાત કરી લે... પછી તેડવા આવજે... લે. કાકાને ફોન આપું છું."

ચંદુએ કાકાને ફોન આપ્યો પણ સ્તબ્ધ બની બેઠેલા નલિનભાઈએ ઈશારાથી ફોન લેવાની ના પાડી... સામે છેડે સુમિત રડતો હતો. વાત કરવા આતુર હતો... ચંદુએ નલિનકાકાને સમજાવ્યા. "કાકા, વાત તો કરો... એ તેડવા આવે છે."

ક મને વ્યથિત હૃદયે નલિનભાઈએ ફોન લીધો... સામે છેડે સુમિત રડ્યા કરતો હતો... પણ નલિનભાઈએ વાત ન કરી... સુમિતે આજીજીભર્યા સ્વરે કહ્યું, "બાપુજી, મને માફ કરી દો... મારી ભૂલ થઈ ગઈ. હું કાચા કાનનો... રેખાની વાતોમાં આવી ગયો..."

"પણ હું કાચા કાનનો નથી કે હવે આ દેશમાં તારી સાથે રહું... અહીં આવવાની એક ભૂલ કરી. મારી આંખે પડળ બાઝ્યાં હતાં... દીકરો જ મારું સાચું ધન માની જીવતો હતો. તને વિચાર પણ ન આવ્યો? આ તારો બાપ ક્યાં જાત? જો ચંદુ ન મળ્યો હોત તો... અરેરે... મારા સંસ્કાર ક્યાં ઓછા પડ્યા?! તને આ ડોલરિયા દેશનો રંગ ચઢી ગયો !! તારી મા સુખી થઈ ગઈ. આવા દિવસો જોવા ન પડ્યા. હવે મારે તારા ઘરમાં પગ પણ નથી મૂકવો."

સામે છેડે સુમિત કરગરતો વિનંતી કરતો હતો. પણ નલિનભાઈએ ગાંઠ વાળી લીધી. "સારું થયું દીકરા, હું વતનમાંથી ઘર-જમીન વેચીને ન આવ્યો... તારા બાપમાં એકલા જીવવાની તાકાત છે. વર્ષો ખંખેરી ઊભો થયો છું. દીકરા... ભાગમાં ખેતી કરાવી લઈશ. નાગજી તો ત્યારે જ રડતાં રડતાં કહેતો બાપા, બધાને છોડીને ન જાવ... પણ એ પરાયાના આંસુ સામે ત્યારે મેં ન જોયું. બેટા, ચંદુ આવશે... મારો પાસપોર્ટ આપી દેજે અને નાની બેગમાં મારાં જરૂરી કપડાં ને દવા ભરી મોકલજે. છેલ્લે એક વાત કહું બેટા, કદીયે કોઈની સાથે આવી છેતરપિંડી ન કરતો. હું તો તારો બાપ છું. પણ કોઈની હાય લાગશે તો ક્યાંયનો નહીં રહે. ઉપરવાળો બધું જ જુએ છે... ચંદુ જેવા મદદગારને મોકલી જ દે છે. તને બદદુવા પણ નથી દઈ શકતો." નલિનભાઈનો સ્વર ભારે થઈ ગયો.

"સુમિત તું કોલેજમાં ભણતો ત્યારે તને ગુજરાતી વાર્તાઓ-નવલિકા વાંચવી બહુ ગમતી. એક વાર મેં તને તારો વાચનશોખ જોઈ રામનારાયણ પાઠકની 'મુકુંદરાય' વાર્તા વાંચવા ખાસ કહેલું. આજે એ વાર્તા જાણે કે મારી સામે ભજવાઈ... એ પ્રિય બાપની વ્યથામાં હું મારી જાતને જોઉં છું... એક સંતાનવિહોણા વસ્તુપાળની વ્યથા મારી આંખ ભીંજવે છે. બહુ લાંબી વાત નહીં કરું પણ દીકરા, એણે જે જોયું અને સાંભળ્યું એને લાગ્યું કે આ દુનિયા છે ! મા જગદમ્બા પાસે જઈને એણે "નખ્ખોદ" માગ્યું !" સુમિત, એ બાપની છાતી ચિરાઈ જતી હું અનુભવું છું... કુળદેવી પાસે પરિવાર વૃદ્ધિને બદલે "નખ્ખોદ" માંગે !

ચંદુ અને નલિનભાઈ ચૂપચાપ બેસી રહ્યા. એ સન્નાટા ભરી રાતે ન તો પેલે ઘેર સુમિત સૂઈ શક્યો કે ન આ ઘરે ચંદુ અને નલિનભાઈ !! નલિનભાઈ કોરીધાકોર આંખે જાગતા રહ્યા...

સૌજન્ય : રમીલા પી. મહેતા (અખંડ આનંદ)

## શ્રધ્ધાંજલિ



# વિશાખાબેન બીપીનભાઈ શાહ

ગામઃ દાણોદરડા ❀ હાલ : અમદાવાદ

સ્વ. તા.: ૨૪-૦૬-૨૦૨૩, શનિવાર

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા...
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

## સ્વ. ભાઈલાલભાઈ જગજીવનદાસ શાહ (દાણોદરડા)

સ્વ.પુષ્પાબેન ભાઈલાલભાઈ શાહ
બીપીનભાઈ ભાઈલાલભાઈ શાહ
કુશભાઈ બીપીનભાઈ શાહ
પુંજાબેન કુશભાઈ શાહ
હેનીબેન બીપીનભાઈ શાહ (પુત્રી)
ધનુષ્ય હેમીબેન શાહ (પૌત્રી)

૧૦૧, અર્થવ એપાર્ટમેન્ટ, ફતેહપુરા, અશ્વીનની બારી, પાલડી, અમદાવાદ-૭

# પિંજરે કે પંછી રે તેરા દર્દ ન જાને કોઈ :






## આપણે અબોલ પક્ષીઓનું દર્દ ક્યારે જાણીશું?

મકરસંક્રાંતિનો તહેવાર એટલે સકારાત્મક ઉર્જાઓ. તહેવારો એટલે ઉત્સાહ અને ઉમંગનો પર્વ. તહેવારોની પાછળ મૂળ આશય આપણી સંસ્કૃતિની પરંપરા, સંસ્કારો અને ધાર્મિક મૂલ્ય છુપાયેલું છે. ગુજરાતમાં પતંગ ઉડાવવાનો પાવન ઉત્સવ અબોલ પક્ષીઓ અને પશુઓ માટે વેદનાદાયક બની જાય છે. ઉત્તરાયણની વહેલી સવારે ઉઠતાની સાથે આકાશમાં રંગબેરંગી પતંગોથી ઘેરાયેલું... આસપાસથી કાપ્યો છે. લપેટ લપેટ ! ની ગુંજો સંભળાતી હતી ગુંજ વચ્ચે અબોલ પક્ષીઓ પતંગની દોરી ગૂંચવાઈ જતા હોય છે જેમાંથી કેટલાકને ગંભીર ઈજા પહોંચાડતી હોય છે. તો વળી આકાશમાં ઉડતા પતંગ સાથે જે દોરી હોય છે તેનાથી ઘણીવાર પક્ષીઓ જીવ ગુમાવી દેતા હોય છે. આ તહેવારથી અબોલ પક્ષીઓનો ભોગ આ દિવસે મોટી સંખ્યામાં લેવાય છે. વહેલી સવારે અને સાંજે પક્ષીઓની અવરજવર વધારે હોય છે આથી આ સમયે પતંગ ચગાવવું ટાળવું જોઈએ, સાથે ચાઈનીઝ અને નાયલોન દોરીનો ઉપયોગ કરવો નહીં. જીવદયા પ્રેમીઓ દ્વારા ઘાયલ અબોલ પક્ષીઓને બચાવવા માટે જુદા જુદા અભિયાન અને કેમ્પસની વ્યવસ્થા કરવામાં આવે છે તેમનો એક જ ઉદ્દેશ્ય "જીવો, જીવવા દો અને જીવાડોની જીવદયા ભાવના" કારણ કે તેમની નિર્દોષતા ઉડાન માટે તમે જ પીડા ઊભી કરો છો. જરા વિચારજો.

અનુકંપા, કરૂણા, દયા જે આપણા જીવનથી જોડાયેલા છે. ભારતની સંસ્કૃતિમાં ધર્મમાં પણ જીવદયાને ઊંચું સ્થાન આપવામાં



આવ્યું છે. માનવ ધર્મનું કર્તવ્ય કે જે માણસને દરેકને પોતાના માને અને તેમના દુઃખમાં દુઃખી એ જ માનવ સેવા છે. અબોલ પક્ષીઓ માટે જેમના હૃદયમાં જીવદયા ભાવ ઉદ્‌ભવે તેમનામાં એક અલગ પ્રભાવ જોવા મળે છે. આપણી આસપાસના અબોલ પક્ષીઓ-પશુઓ અને સૂક્ષ્મજીવો પ્રત્યે દુઃખે દુઃખી થવાની આપણામાં હૃદય ભાવના હોવી જોઈએ.

અહિંસાએ આપણો મોટામાં મોટા ધર્મ છે. આપણા ધર્મનો મૂળ સિદ્ધાંત મૂંગા પક્ષી અને પશુઓ પ્રત્યે કરૂણા કરવી. જીવદયા જે કર્મરૂપીથી હૃદયરૂપી મનુષ્યના દ્વારો ખોલે છે. જીવદયાથી મનુષ્યમાં સદ્‌ગુણો ઉત્પન્ન થાય છે. જીવદયાએ અસાધારણ યોગ્યતા છે જે કોઈ અન્યના દુઃખ અને દર્દને અનુભવ કરી શકે છે. અબોલ પક્ષીઓના દુઃખ દર્દ અને પીડા જાણવા અઘરા છે કેમકે આપણે એમને દુર્દશા પર ધ્યાન આપતા નથી. અબોલ જીવોની વેદના ધીમે ધીમે આપણે ભૂલી રહ્યા છીએ. હજારો લાખો સૂક્ષ્મ જીવો પ્રત્યે દયાભાવ રાખવા માટે પ્રયાસો કરવા પડશે. આપણે લોકોમાં અબોલ જીવો માટે કરૂણા દાખવવા જાગૃત કરવા પડશે. શું એ અબોલ જીવમાં વેદના નથી? શું તેમના આંખમાં આંસુ આપણે જોઈ શકતા નથી ? શું તેમનામાં ઈશ્વરના દર્શન નથી થતા ? જે વેદના માણસોને થાય છે તે જ પીડા અબોલ જીવને પણ શું નહીં થતી હોય ? અબોલ જીવો પ્રત્યે દયા રાખો અને તેમને દુઃખ પીડા જાણીને દૂર કરવાનો પ્રયત્ન કરો. કારણ કે કોઈપણ અબોલ જીવને દુઃખ આપવું એટલે આપણા ભગવાનને દુઃખ આપવું. ચલો, ભેગા મળીને અબોલ પક્ષીઓને બચાવીએ. એ જ આપણા ધર્મ ને કર્મ બનાવીએ.

**અબોલ પક્ષીઓ ઉપર કરૂણા દાખવી આંગળી ચિંધ્યાનું પૂણ્ય કમાવવા.... હેલ્પલાઈન નંબરનો સંપર્ક સાધો.**

સૌજન્ય : પૂર્વી શેઠ

શ્રધ્ધાંજલી ભાવાંજલી હૃદયાંજલી



જીવદયા પ્રેમી... અમારા આત્મીય સ્વજનશ્રી

## મનોજભાઈ વિમલભાઈ શાહ (પીંઢારપુરા)

જન્મ તા.: ૨૪-૦૬-૧૯૬૬ ● સ્વ.તા.: ૧૫-૧૦-૨૦૨૩

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
સત્કર્મો તમારી શોભા અને પરોપકાર તમારું જીવન હતું.
ધર્મ કદી ભુલ્યા નહીં... અને વ્યવહાર કદી ચૂક્યા નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એવી પ્રાર્થના

અલ્પાબેન મનોજભાઈ શાહ
ફોરમ મનોજભાઈ શાહ
અનેરી મનોજભાઈ શાહ
કવિશ મનોજભાઈ શાહ

જયંતિલાલ કે. શાહ
નીલા-મહેશકુમાર
ઝીલ-મંથન
મનાલી-ભવ્યકુમાર

સુરેશભાઈ આર. શાહ
નીક્કી-મનીશભાઈ
પૂર્વી-નૈનેશ
દક્ષા-વિજયકુમાર

સ્વ. રેખાબેન જયંતકુમાર
નેહા-વિરાજ
શિવાલી-નિરવકુમાર

સ્વ. દીપિકાબેન પંકજકુમાર

રન્ના-દાસરથી
પ્રાચી-જ્વલિન


રૂપાબેન શીતલકુમાર
કંકણા-વિશાંક
લબ્ધી-નિલકુમાર

વતન સાબુ પરિવાર - કુસુમપ્રભા પરિવાર

# અવસાન-શ્રધ્ધાંજલિ



**કલ્પેશકુમાર શંકરલાલ શાહ**
ગામ : ગાંભુ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૯-૧૧-૨૦૨૩, બુધવાર



**નયનકુમાર ચંદુલાલ કોઠારી**
ગામ : લુણવા-મંડાલી
હાલ : ભાયંદર,મુંબઈ
સ્વ. તા.૨૯-૧૧-૨૦૨૩, બુધવાર



**અભયકુમાર નટવરલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૦-૧૧-૨૦૨૩, ગુરુવાર



**રમણલાલ વાડીલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : વિલેપાર્લે, મુંબઈ
સ્વ. તા.૦૮-૧૨-૨૦૨૩, શુક્રવાર



**જગદીશભાઈ અંબાલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : કાંદીવલી, મુંબઈ
સ્વ. તા.૦૯-૧૨-૨૦૨૩, શનિવાર



**નટવરલાલ ચંદુલાલ શાહ**
ગામ : દેણપ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૯-૧૨-૨૦૨૩, શનિવાર



**રમેશભાઈ છનાલાલ શાહ**
ગામ : મણુંદ (શ્રીરામપુર)
હાલ : પૂના
સ્વ. તા.૦૯-૧૨-૨૦૨૩, શનિવાર



**કુસુમબેન ચંપકલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૦-૧૨-૨૦૨૩, રવિવાર



**સવિતાબેન સેવંતીલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : સુરત
સ્વ. તા.૧૬-૧૨-૨૦૨૩, શનિવાર



**શાંતિલાલ જેસીંગભાઈ શાહ**
ગામ : ઉનાવા
હાલ : મહેસાણા
સ્વ. તા.૨૫-૧૨-૨૦૨૩, સોમવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# શ્રી સુડતાલીસ જ્ઞાતિ મહિલા મંડળ, પૂના



શ્રી સુડતાલીસ જ્ઞાતિ મહિલા મંડળ, પૂના દ્વારા અંતરીક્ષજી યાત્રાનું સફળ આયોજન થયું જેમાં લગભગ ૯૦ જેટલા પ્રવાસીઓ જોડાયાં. તા.૧૮-૧૨-૨૦૨૩ સોમવાર સાંજે ૫.૩૦ વાગ્યે નાગપુર ગરીબ રથ ટ્રેન દ્વારા આકોલા અને ત્યાંથી બસ દ્વારા મંગળવારે સવારે અંતરીક્ષજી પહોંચ્યા. ત્યાંના પૂજાના સમય ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન છે. સૌએ પ્રભુજીની પૂજાનો લાભ લીધો.

બપોરે જમણ બાદ બહેનોની મિટિંગ, બહુમાન, ચા-પાણી વગેરે કાર્યક્રમ સૌએ માણ્યો.

સાંજના ચૌવિહાર બાદ સૌ આકોલા માટે રવાના થયા અને રાત્રે ૯.૩૦ વાગ્યાની પૂણે ગરીબ રથ ટ્રેન દ્વારા નીકળી બીજે દિવસે, બુધવારે સવારે પૂના પરત આવ્યા.

યાત્રા દરમ્યાન દરેક ટંકનું જમણ, બસની વ્યવસ્થા, ઉતારાની વ્યવસ્થા, મોબાઈલ નાસ્તા, સંઘપૂજન વગેરે માટે જ્ઞાતિની બહેનોએ ઉદાર દિલે આર્થિક ફાળો આપીને સુકૃતનો લાભ લીધો.

પ્રમુખશ્રી વિણાબેન સુધીરભાઈ તથા કમિટિ મેમ્બર્સની અથાગ મહેનત અને સુંદર આયોજન થકી આ સુખદ્ યાત્રા સૌ માટે એક યાદગાર સંભારણું બન્યું. ફરી ફરી આવા સફળ આયોજનો થતાં રહે એવી ઉપસ્થિત સૌ એ કમિટિને શુભેચ્છાઓ પાઠવી હતી.



શ્રી અંતરીક્ષજી યાત્રા માટે પૂના સ્ટેશનથી રવાના થતાં મહિલા મંડળને સુખદ યાત્રા માટેની શુભેચ્છા પાઠવતાં મંડળના ભાઈઓ



યાત્રા પ્રવાસમાં જોડાવાનાં ઉત્સાહ અને ઉમંગ સાથે ખુશખુશાલ જ્ઞાતિની બહેનો



ટ્રેનમાં દરેક યાત્રાળુનું બહુમાન



પૂજા તથા જમણ બાદ બપોરની બહેનોની મિટિંગ



યાત્રાળુને મોટી રકમનું સંઘપૂજન તથા શુકનવંતી મહેંદીનો કોનનું વિતરણ



અંતરીક્ષજી દાદાની પૂજા માટે લાઈનમાં બેઠેલી જ્ઞાતિની બહેનો



પ્રમુખશ્રી વિણાબેન સુધીરભાઈનું બહેનોને સંબોધન



મિટિંગ બાદ આનંદ અને સંતોષનો અનુભવ કરતા કમિટિ મેમ્બર્સ



પૂના ગરીબ રથ ટ્રેન આગમનની રાહ જોતાં યાત્રાળુઓ

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023






પરિવાર પત્રિકા

કાર્યાલય : શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટીપ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન. નં. : (૦૭૯) ૨૬૬૦૨૩૭૫
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ (સોમવારે રજા)
E-mail : mehsana_jainprant@yahoo.com | Website : www.47dashashrimali.com

પ્રકાશન કાર્યાલય : શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ વતી સંપાદક-પ્રકાશક શ્રી પ્રમોદભાઈ એન. ગાંધીએ જગદિશ ઓફસેટ, ઘીકાંટા, અમદાવાદમાં છપાવીને શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટી પ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭થી પ્રસિધ્ધ કર્યું.